**અમદાવાદ(રૂરલ) ના પાંચમા વધારાના જયુડી. મેજી.ફ.ક. ની કોર્ટમાં,**
**મુ. મીરઝાપુર, અમદાવાદ.**

**સી.સી.નં.૩૬૮૭/૨૦૧૯**
**આંક :**

**ફરીયાદી :** શ્રી સરકાર

વિ.

**આરોપીઓ :** ૧. પ્રદિપભાઈ વિનોદભાઈ પટેલ ૨. સુરેશભાઈ લાભશંકર સોલંકી
૩. કિશનભાઈ જગદીશભાઈ શ્રીમાળી ૪. વિનોદભાઈ રાજુભાઈ ઈંગે

**ગુનો:– જુગારધારાની કલમ–૧૨ મુજબ.**

**ચુકા દો**

**૧.** સદર કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરુધ્ધ ગુન્હાની ફરિયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં જુગારધારાની કલમ–૧૨ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.** આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ (સંહિતા) ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલી. ત્યારબાદ આરોપીને ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરસીસ આપેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈપણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબૂલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને જુગારધારાની કલમ–૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષીકવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખિત તેમજ મૌખિક રજૂઆત કરેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યકત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહી કરવાની ખાતરી ઓલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

**૩.** ફરિયાદપક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપને ધ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહી કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીએ સુધરવાની તક આપવી જોઈએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજૂઆત ધ્યાને લેતા, આરોપીની વિરુધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયના હિતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૮૩ ની કલમ–૨૫૨ અન્વયે જુગારધારાની કલમ–૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રુા. ૫૦/– × ૪ કુલ–રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. મુદ્દામાલનો અપીલ સમય નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪ મી, માહે–ડિસેમ્બર, સને ૨૦૧૯નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ: ૧૪–૧૨–૨૦૧૯
અમદાવાદ(ગ્રામ્ય)

( ડી.વાય. પટેલ)
પાંચમાં વધારાના જયુડી મેજી.ફ.ક.
મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય)
UIC No.GJ –૦૧૫૧૫